તારીખ ૦૫ મી મે ૨૦૨૨ ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી હસ્તકના **કૃષિ સંશોધન કેન્દ્ર(ફળપાકો)**, મહુવા ખાતે "**સર્ટીફીકેટ કોર્ષઓન પેસ્ટીસાઇડ મેનેજમેન્ટ**" ની ત્રણ મહિનાની તાલીમ પૂર્ણ થતા સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન થયું. આતાલીમ વિસ્તરણ શિક્ષણ નિયામકનાં માર્ગદર્શન તથા કુલપતિશ્રી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી નીપ્રેરણાથી સફળ થયું. જેમાંત્રણ મહિનામાં અઠવાડિયામાં એક વખત તેમ મળીનેકુલ બાર દિવસ ઈનપુટ ડીલર મિત્રો ને જંતુનાશક દવાઓના વેંચાણ,વપરાશ તેમજ ઉપયોગ વિશે જુદા-જુદા તજજ્ઞો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ. એમ. ગાજીપરા સાહેબ તથા સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જી. આર. ગોહીલ સાહેબે હાજરી આપી હતી. કાર્યક્રમને આગળ વધારતા કૃષિ સંશોધન કેન્દ્ર(ફળપાકો) ના વડા ડો. જી. એસ. વાળાસાહેબ દ્વારા આ તાલીમ કોર્સના ઉદેશો તથા ફાયદાઓ જણાવ્યા હતા. અતિથી વિશેષ ડૉ. એચ. એમ. ગાજીપરા દ્વારા તાલીમથી ઈનપુટ ડીલર મિત્રો સરકારશ્રીનાં નવા નીતિ નિયમોનેઆધીન જંતુનાશક દવાઓવિશે જાણકાર બનશે તથા જૂના જંતુનાશક દવાઓના વેંચાણનાં લાયસન્સ રીન્યુ કરાવી શકશે એવું જણાવ્યું હતું. ડૉ. જી. આર. ગોહીલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ તાલીમ પરોક્ષ રીતે ખેડૂતોને ઉપયોગી નીવડશે અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગ પર અંકુશ આવશે તેમજ ખેડૂતને થતોવધારાનો ખેતી ખર્ચ ઘટાડી શકાશે. કાર્યક્રમને સફળ બનાવવામાં કોર્ષ કોર્ડીનેટર શ્રીટી. કે. માંડવિયા તથાકૃષિ સંશોધન કેન્દ્રના સમગ્ર સ્ટાફએ મહત્વનું યોગદાન આપ્યું હતુ. કાર્યકમના અંતે શ્રી વી. આર. આહીર દ્વારા અભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

